# આવો વાલ્લભસમ્પ્રદાય તે સાંખ્યનો કે પુષ્ટિભક્તિનો ?

- અસિત શાહ

## ઉપક્રમ

આજે ગામમાં આપણો સમ્પ્રદાય હવેલીવાળા સમ્પ્રદાય તરીકે પ્રસિધ્ધ થતો જાય છે. આયકર બચાવવા પ્રાચીન અને અર્વાચીન હવેલીઓનું સાર્વજનિક ટ્રસ્ટ બનાવી દીધેલ છે ; જેમાં શ્રીઠાકોરજી અને/કે જાહેર (વૈષ્ણવ/અવૈષ્ણવ પણ) જનતાને લાભાર્થી, મુખિયા-ભીતરિયાઓને કર્મચારી તથા ગુરુમહારાજ અને અગ્રગણ્ય વૈષ્ણવોને ટ્રસ્ટી ઘોષિત કરાય છે. શ્રીઠાકોરજી કેવળ ગુરુમહારાજના નથી પણ જાહેર જનતાના પણ છે એવું જાહેર કરાય છે. જનતાના મગજમાં એવું ઠસાવાય છે કે આ હવેલીઓ જાણે કે નંદાલય છે જ્યાં તેમણે વ્રજભક્તોની માફક આવતા રહેવું. આમ કરતાં ભક્તિભાવ વધશે અને સમ્પ્રદાયનો પણ પ્રચાર થશે એવી ભવિષ્યવાણી કરાય છે.

વિચાર કરતાં પરન્તુ એવા નિષ્કર્ષપર અવાય છે કે આ રીતે સમ્પ્રદાય પુષ્ટિભક્તિતરફ નહીં પણ સાંખ્યની નિયતિ તરફ જઈ રહ્યો છે. કેવી રીતે તે હવે જોઈએ.

## સાંખ્ય

દર્શનની આ શાખામાં પુરુષાત્માને એવું જ્ઞાન પ્રદાન કરવામાં આવે છે કે તે દેહાદિ પ્રકૃતિના કાર્યોથી ભિન્ન આત્મા છે. જાગતિક વિષયો અને પોતાના દેહાદિ પુરુષના પોતાના નથી પણ અનાત્મ છે. તેમની જાળમાં અટવાતા રમણકર્તા પુરુષ બંધાઈ જાય છે અને સુખ-દુ:ખ અનુભવે છે.

આમ ધીરેધીરે પોતાના કૈવલ્યનું જ્ઞાન થતાં પુરુષની વિષયરુચિ ઓછી થતી જાય છે અને તેનું વિષયરમણ ઘટતું જાય છે. એક તબક્કે પ્રકૃતિ પણ તેને બાંધવાની આશા છોડી દે છે અને તે મુક્ત થઈ જાય છે.

## હવેલીઓથી સંકળાયેલાઓની નિયતિ

સાર્વજનિક ટ્રસ્ટની હવેલીઓના ગુરુમહારાજોનો શ્રીઠાકોરજીમાં પોતાના



હોવાનો ભાવ કાળક્રમે લુપ્ત થતો જાય છે અને અનાત્મભાવ કેળવાતો જાય છે, કેમકે ટ્રસ્ટના બંધારણમાં જ તે વણાયેલ હોય છે. તેથી નિત્યનિયમથી સપરિવાર સ્વયં સેવા કરવા ઉદ્યત ન થતા મુખિયા-ભીતરિયાથી કામ ચલાવે છે. ફક્ત આરતી કરવાનું પણ ટાળીને સ્ટાફને પહોંચવાની આજ્ઞા કરી દે છે. સેવામાં રુચિ ઘટતી જાય છે અને પ્રસિધ્ધ ધર્માધિર્મોપદેશકોને અનુસરવાનું મન થાય છે. તેથી આગળ વધતાં ટ્રસ્ટીઓ અને સ્ટાફ પણ પારકા લાગે છે ને વિખવાદો છાપે અને કોર્ટમાં ચઢે છે. જાહેર જનતાને તો ભોળવીને કમાવાનું જ ધ્યેય હોય છે. તેમાં ગૌશાળા-ભંડાર-ફૂલઘર-શાકઘર-ગોલખ/દાનપેટી બધું જ આવી જાય છે. તેમાં વ્રજવાસીઓ ભાગ પડાવે તે ય સાંખી નથી શકાતું. આમ સંક્ષેપમાં શ્રીઠાકોરજીમાં અનાત્મભાવ સેવામાં-ટ્રસ્ટીઓમાં-કર્મચારીઓમાં-વૈષ્ણવોમાં-ગાયોમાં-વ્રજવાસીઓમાં સર્વત્ર અનાત્મભાવ તરફ દોરી જાય છે.

કર્મચારીઓ તો વખાના માર્યા નોકરિયાતો હોય છે. તેમને પોતાનું શોષણ થાય છે એમ લાગતાં સર્વત્ર અનાત્મભાવ પ્રવૃધ્ધ થાય છે. અવારનવાર ઝઘડા થતા રહે છે.

ટ્રસ્ટીઓને તો આમેય શ્રીઠાકોરજીમાં આત્મભાવ ન જ હોય. તેથી હવેલીની સંપત્તિ-આવક-વ્યવસ્થાપન-પ્રસિધ્ધિ વગેરેની ખટપટો કરતા રહે છે. અંગત વપરાશને પ્રાધાન્ય આપે છે. તેમાં જૂથબંધી અને વિખવાદો થતાં રહે છે.

જાહેર જનતા પૈકીના શ્રદ્ધાળુ વૈષ્ણવોને તો એમ કહેવામાં આવે છે કે શ્રીઠાકોરજી તો શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીના નિધિસ્વરૂપ છે ; હાલના ગુરુમહારાજ પણ તેમના રડારપર નથી હોતા. તો પછી પોતાના હોવાનો તો ભાવ જાગે જ શી રીતે ?

શ્રીઠાકોરજીને ય અનાથાશ્રમ જેવા આ માળખામાં અનાત્મભાવ થતો હશે જ.

આગળ જતાં હવેલીમાં ધાર્મિક આયોજનો ભેગાભેગા અન્યાન્ય યોગ-ધ્યાન-વ્યાયામ-મેડિકલ કેમ્પ વગેરે આયોજનો ને પ્રવૃત્તિઓ ય ઘુસાડતા જાય છે વ્યવસ્થાપકો, તેનાથી આકર્ષાઈને તેવી રુચિવાળાનો પ્રવાહ વધશે એવી આશાસાથે. ઘરને ધરમશાળા બનાવીને જ જંપશે !

આમ સર્વત્ર અનાત્મભાવ વધવો એ જ નિયતિ છે આવી સાર્વજનિક હવેલીઓથી સંકળાયેલ સહુની. સાંખ્યમાં તો પ્રકૃતિના કાર્યો

પ્રત્યે અનાત્મભાવ વધવો વ્યાજબી છે, પણ શું પુષ્ટિભક્તિમાં તેવું થવું યોગ્ય છે?

**વાલ્લભમતમાં પુષ્ટિભક્તિ**

આમ તો વૈષ્ણવાચાર્યોમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી પહેલવહેલા નથી, પણ અનેક બાબતે એમનું એવું છે કે એક ફિલ્મી સંવાદ મુજબ “હમ જહાં ખડે હોતે હૈં, લાઈન વહીંસે શુરુ હોતી હૈ”. સમ્પ્રદાયમાં આપશ્રીએ શ્રીઠાકોરજી પ્રત્યે આત્મજ્ઞાન અને આત્મભાવને અનેરું પ્રાધાન્ય આપેલ છે. “તત્ ત્વમ્ અસિ” એ ઉપનિષદ્‌વચનનો શ્રીશંકરાચાર્ય અભેદજ્ઞાનપરક અર્થ કરે છે તો વળી શ્રીમધ્વાચાર્ય “અતત્ ત્વમ્ અસિ” એવો ભેદજ્ઞાનપરક અર્થ કરે છે. પુષ્ટિભક્તિપરક અર્થ કરતાં શ્રીઆચાર્યચરણ પરન્તુ તત્ત્વાર્થદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણમાં આજ્ઞા કરે છે: “ભજનસ્યૈવ સિદ્‌ધ્યર્થં તત્ત્વમસ્યાદિકં તથા”. તેના પ્રકાશમાં ભક્તિના બે અંગ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહને સમજાવતાં આપશ્રી આજ્ઞા કરે છે: “સ્નેહો ભક્તિઃ. રતિઃ દેવાદિવિષયિણી ભાવ ઈતિ અભિધીયતે. રતિઃ સ્નેહો, દેવત્વં માહાત્મ્યં ; તદ્ આત્મત્વેન જ્ઞાતે ભવતિ. તેન ભજનાર્થમેવ આત્મત્વેન તન્નિરૂપણં માહાત્મ્યે ચ ઉચ્યતે... અવજ્ઞાનાદિદોષા-ભાવાય માહાત્મ્યં ચ સુદઢસ્નેહાય આત્મત્વં ચ આહ.” શ્રીમધ્વાચાર્યના મતે ભક્તિમાં ભજનીય અને ભક્ત ભિન્ન છે એવું ઉચ્ચ-નીચ હોવાનું જ્ઞાન સતત રહેવું આવશ્યક છે ; નહીં તો ભજનીય અપ્રસન્ન થઈ ક્રોધ કરી સજા આપી શકે. તેથી વિપરીત શ્રીઆચાર્યચરણ સ્નેહની સુદઢતા અને તે માટે નિરુપાધિકતા કાયમ રાખવા ભજનીય ભક્તનો આત્મા છે તેવું જ્ઞાન અને ભાવ આવશ્યક માને છે.

આવો મત શ્રીભાગવતપર આધારિત છે. રાસપંચાધ્યાયીમાં શ્રીગોપીજનો “પ્રેષ્ઠો ભવાન્ તનુભૃતાં કિલ બન્ધુઃ આત્મા” એમ પ્રભુને કહે છે. તો ભ્રમરગીતના પ્રસંગમાં પ્રભુ ઉદ્ધવસાથે “ભવતીનાં વિયોગો મે ન હિ સર્વાત્મના ક્વચિદ્, આત્મત્વાદ્...” એવો સંદેશ મોકલે છે. અન્ય પણ અનેક આવા વચનો ઉપલબ્ધ છે.

તેવા વચનોના આધારે ઉપદેશ આપતાં સિધ્ધાન્તમુક્તાવલીમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે: “ગંગાતીરસ્થિતો યદ્‌વદ્ દેવતાં તત્ર પશ્યતિ, તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ... આત્માનન્દસમુદ્રસ્થં



કૃષ્ણમેવ વિચિન્તયેત્.” પુષ્ટિભક્તિના રડારપર પ્રભુ જ્યારે પણ દેખાય ત્યારે ભક્તજીવથી સર્વથા જુદા ન હોય ; “નમામિ હૃદયે + શેષે ...”. “યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ”. ભક્તે પોતાને માથે બિરાજતા સેવ્યસ્વરૂપ શ્રીઠાકોરજીમાં આત્મજ્ઞાન અને આત્મભાવ કેળવી તેમને પોતાના કાયા-વાણી-મનમાં બિરાજમાન કરવાના હોય છે. આ આત્મભાવના એકડા પાછળ શ્રીવ્રજભક્તોના ભાવોની ભાવના, ૮૪-૨૫૨ વૈષ્ણવોના ભાવોની ભાવના, વગેરેના શૂન્યાંકો તેનું મૂલ્ય અનેકગણું વધારી શકે છે.

આવો આત્મભાવ વ્યાપક બને ત્યારે ભગવદ્‌સંબંધી ગુરુ-વૈષ્ણવોમાં તથા વ્રજ-વ્રજવાસીઓ-ગાય આદિમાં “આયે મેરે નન્દનન્દનકે પ્યારે” એવો ભાવનો ઉમળકો જગાવે છે. (પણ જો નન્દનન્દનમાં જ મારા હોવાનો આત્મભાવ ન જાગ્યો તો તેમના પ્રિયવૃન્દમાં ક્યાંથી જાગી શકે?). પુષ્ટિભક્તિની સાધક દરેક વ્યક્તિ-સામગ્રી-સગવડમાં આત્મભાવ જાગે છે અને બાધકમાં અનાત્મભાવ. આમ સંક્ષેપમાં વાલ્લભસમ્પ્રદાયમાં પુષ્ટિભક્તિ એ ભગવાન અને ભગવદીય પદાર્થોમાં આત્મભાવને પ્રવૃધ્ધ કરવાની સાધના છે. તેની પરાકાષ્ઠા તેથી જ સર્વાત્મભાવ છે.

તેથી વિપરીત પ્રભુ જ પારકા હોવાની ભાવના દઢ કરી લીધી તો પુષ્ટિભક્તિના હિસાબે સત્યનાશ થયું સમજો. “ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણઃ મનુતે નૈવ લૌકિકમ્.” પછી ભલે આપણે ભાવના કરતા રહીએ કે તેઓ હવેલીરૂપ નંદાલયમાં બિરાજે છે ને આપણે તેમના દર્શનાતુર વ્રજભક્તો સમાન છીએ. આવી ભાવનાઓ પ્રભુમાં આત્મભાવના એકડા વિનાના શૂન્યો જેવી મૂલ્યવિહીન છે ; સાર્વજનિક = શૂન્ય. તે કદાચ શ્રીમધ્વાચાર્યના સમ્પ્રદાયમાં ચાલી શકે પણ અહીં તો ન જ ચાલે. અહીં તો “અનત ન જૈયે હો પિય રહિયે મેરે હી મહલ”નો ભાવ છે.

બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥

卐